**મુદ્દા નં.૦૭ :–** **<u>નીતિ ઘડતરના અથવા તેના અમલીકરણના સંબંધમાં જનતાના સભ્યો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના ધ્વારા રજુઆત માટેની વિદ્યમાન કોઈ વ્યવસ્થાની વિગતો</u>:**

સુરત મહાનગરપાલિકાનો સમગ્ર વહીવટ ઉપર જણાવ્યા મુજબ મુખ્યત્વે સને ૧૯૪૯ના મુંબઈ પ્રાંતિય મહાનગરપાલિકાઓના અધિનિયમની જોગવાઈઓ અનુસાર કરવામાં આવે છે. સદરહુ અધિનિયમમાં જણાવ્યા અનુસાર મુખ્યત્વે ૧૨ ચુંટાયેલા સભ્યોની બનેલી સ્થાયી સમિતિ ધ્વારા નીતિ વિષયક નિર્ણય લેવામાં આવે છે અને તે મુજબ તેનું કમિશ્નરશ્રી અને તેના તાબા હેઠળનાં અધિકારીઓ ધ્વારા અમલીકરણ કરવામાં આવે છે. વધુમાં ઝોન કક્ષાએ ઈલેકશન વોર્ડદીઠ થયેલ વોર્ડ સમિતિની બેઠકમાં થયેલ રજુઆત / ભલામણ નિર્ણય અર્થે વોર્ડ સમિતિ અધ્યક્ષશ્રી ધ્વારા સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરવાની રહે છે.

આ બાબતે વધુ વિગતોની જાણકારી માટે સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ ***<u>www.suratmunicipal.gov.in</u>*** ઉપલબ્ધ છે. જે અવલોકનમાં લેવા વિનંતી.